વર્ષ : ૦૩ અંક : ૦૨ તા. ૧૫-૦૭-૨૦૧૫ સળંગ અંક : ૧૪ જુન-જુલાઈ - ૨૦૧૫-૧૬
વર્ષ : ૦૩ અંક : ૦૨ તા. ૧૫-૦૭-૨૦૧૫ સળંગ અંક : ૧૪ જુન-જુલાઈ - ૨૦૧૫-૧૬
વર્ષ : ૦૩ અંક : ૦૨ તા. ૧૫-૦૭-૨૦૧૫ સળંગ અંક : ૧૪ જુન-જુલાઈ - ૨૦૧૫-૧૬

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું
મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

Visit us on our Website : www.gshstf.blogspot.com

વર્ષ : ૦૩ અંક : ૦૨ તા. ૧૫-૭-૨૦૧૫ જુન-જુલાઈ ૨૦૧૫-૧૬ : સળંગ અંક : ૧૪

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મહામંત્રી :
**શ્રી વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: મુખ્ય સંપાદક :
**શ્રી ભરતભાઈ વી. વ્યાસ**
સી-૩૨, નંદીપાર્ક નોબલ સ્કૂલ
પાસે, કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ-૪૬
(મો.) ૯૪૨૭૪૦૦૩૩૨
ફોન : ૦૭૯-૨૨૮૧૭૮૩૩

વેબ કો. ઓડીનેટર
**બી. જી. મહંત-ગાંધીનગર**
૯૪૨૮૧૧૭૩૬૦

: સહતંત્રી :
**વિમલ પી. મકવાણા-આણંદ**
૯૮૨૫૫૮૭૩૯૦
**તુલસી મકવાણા-અમરેલી**
૯૪૨૬૨૩૩૯૯૨

: સહ સંપાદક :
**મહેશભાઈ આર. પટેલ**
: અમદાવાદ ગ્રામ્ય :
૯૮૯૮૦૬૨૯૨૮
**સુરેશભાઈ આર. પટેલ**
: અમદાવાદ શહેર :
૮૫૧૧૫૧૯૧૪૯

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી વિજય પી. પટેલ (મહેસાણા જિલ્લો)
(૨) ભટ્ટ મિતેષ ભાનુભાઈ (સાબરકાંઠા)
(૩) શ્રી કિશોરભાઈ બી. ઉભડીયા (મોરબી જિલ્લો)
(૪) શ્રી ધનંજય બી. મકવાણા (તાપી જિલ્લો)
(૫) વી.એસ.કાલરીયા (જામનગર)
(૬) શ્રી રોહીત એસ. પટેલ (અરવલ્લી જિલ્લો)
(૭) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૮) શ્રી ભરતભાઈ પંડ્યા (મહીસાગર જિલ્લો)
(૯) શ્રી નિલેશભાઈ મોઢવાડીયા (પોરબંદર જિલ્લો)
(૧૦) શ્રી મુકેશભાઈ જે. પટેલ (છોટા ઉદેપુર)
(૧૧) શ્રી હરીશભાઈ મોરી (ગીર સોમનાથ)
(૧૨) શ્રી છત્રસિંહ કાલુબાવા રાઠોડ (નર્મદા)
(૧૩) શ્રી રસીદભાઈ શેખ (બોટાદ)

## ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી જયંતીલાલ એમ. ગડારા (રાજકોટ)
(૨) શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)
(૩) શ્રી મહેશભાઈ એ. પટેલ (અમદાવાદ શહેર)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંકજભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી ભરતકુમાર આર. પટેલ | ઉપપ્રમુખ | આણંદ |
| શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | ઉપપ્રમુખ | પાટણ |
| શ્રી અશ્વિનભાઈ પી.જોષી | ઉપપ્રમુખ | સુરત |
| શ્રી પ્રતિકકુમાર એસ. પટેલ | ઉપપ્રમુખ | વડોદરા |
| શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | પ્રાદેશીક મંત્રી | નડીયાદ |
| શ્રી ભરતભાઈ એ. પટેલ | પ્રાદેશીક મંત્રી | મહેસાણા |
| ડૉ. લીલાભાઈ બી. કડછા | પ્રાદેશિક મંત્રી | રાજકોટ |
| શ્રી નરસિંહ પી. ચૌધરી | પ્રાદેશિક મંત્રી | બનાસકાંઠા |
| શ્રી ભરતભાઈ આર. પટેલ | સહમંત્રી | સાબરકાંઠા |
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સહમંત્રી | પંચમહાલ |
| શ્રી ભરતભાઈ બી. વઢેળ | સહમંત્રી | સુરેન્દ્રનગર |
| શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | સહમંત્રી | દાહોદ |
| શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | સંગઠનમંત્રી | વલસાડ |
| શ્રી ચંદ્રકાન્ત બી. પટેલ | સંગઠનમંત્રી | નવસારી |
| શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી રાજુભાઈ બી. ભટ્ટ | ખજાનચી | ભુરૂચ |
| શ્રી મહાવીરસિંહ એન. વાળા | અન્વેષક | જૂનાગઢ |

હાયર મેસેજ **જાહેરાતના દર** વર્ષ : ૦૩
કુલ : ૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા |
|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૨,૫૦૦ |
| સાદું પેજ | ૮,૦૦૦ |
| ફોર કલર અંદર | ૧૦,૦૦૦ |
| ફોર કલર બે પાન અંદર (વચ્ચે) | ૨૫,૦૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ એપ્રિલ-મે થી ફેબ્રુ.-માર્ચ સુધીનું ગણાશે.
- વર્ષ-૦૩ અંક-૦૧ એપ્રિલ-મે તા. ૧૫-૫-૨૦૧૫
  - અંક-૨ જૂન-જુલાઈ તા. ૧૫-૭-૨૦૧૫
  - અંક-૩ ઓગસ્ટ-સપ્ટે. તા. ૧૫-૯-૨૦૧૫
  - અંક-૪ ઓક્ટો.-નવે. તા. ૧૫-૧૧-૨૦૧૫
  - અંક-૫ ડીસે.-જાન્યુ. તા. ૧૫-૧-૨૦૧૬
  - અંક-૬ ફેબ્રુ.-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૬
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૦૩ માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- *વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.*
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- *હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે* મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

# ...સંપાદકીય...

*સંપાદકીય...*

*સારસ્વત મિત્રો..., જય સરસ્વતી...!!!*

— *હાયર મેસેજનો આ વર્ષ : ૦૩ નો અંક ૦૨ છે.*

— *એપ્રીલ-મે, ૨૦૧૫થી હાયર મેસેજનું ત્રીજુ વર્ષ શરૂ થશે.*

— *હાયર મેસેજના બીજા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.*

— **જે અંકથી આપશ્રીને પ્રથમ અંક મળે ત્યારથી છ અંક આપને મળશે.**

મહામંત્રી : **વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર, કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨ ફોન : ૨૫૮૩૨૮૨૮

- **ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી એપ્રિલ થી મે બે માસમાં જ વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો. મનીઓર્ડર ઉપરના સરનામે કરશો કે એક્ષીસ બેંકના ખાતા નંબર ૯૧૨૦૧૦૦૩૮૯૩૦૭૮૩ માં રૂા. ૧૦૦ જમા કરાવશો.**

*હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર.*

**આપનો, વિનોદભાઈ જે. પટેલ**
**મહામંત્રી, હાયર મેસેજ**

## મુંઝવણ અને માર્ગદર્શન

*આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.*

**નીતીન ટી. પંડ્યા**
*૧૬, શીવ સંકલ્પ સોસાયટી, નારણપુરા પોસ્ટ ઓફીસ સામે, અમદાવાદ-૧૩.*
*મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭*

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



પંકજભાઈ કે. પટેલ

શિક્ષક મિત્રો,

હાયરમેસેજના વર્ષ ૦૩,જુન-જુલાઈ,તા.૧૫-૭-૨૦૧૫નો અંક-૦૨ સળંગ અંક ૧૪ છે.હાયર મેસેજનો પ્રથમ અંક આપ સૌના જીલ્લા પ્રમુખશ્રી દ્વારા આપને મોકલી આપેલ છે.હાયરમેસેજનો બીજો અંક પોસ્ટ દ્વારા મોકલેલ છે. આપના ગ્રાહકનંબર આપેલ છે તે નંબરનો ઉલ્લેખ ફરી આપશ્રી ફરીયાદ કરશો તો ઝડપથી ઉકેલ આવશે

તા.૨૨-૬-૧૫ના રોજ **મા.શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્માના** અધ્યક્ષ સ્થાને રાજય કક્ષાના **મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી,પ્રાથમિક નિયામક શ્રી પંડીત સાહેબ** અને પ્રાથમિક શિક્ષક સંઘના **પ્રમુખ શ્રી ચંદુભાઈ જોષી,**માધ્યમિકના **પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ** ઉચ્ચતરના **પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ**ની હાજરીમાં રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનીધીની મિટીંગ હતી જેમાં ૨૦૧૪માં ૭૧ શિક્ષકો -પાંચ શિક્ષણ સહાયક મૃત્યુ પામ્યા જેને રૂા.૮૧,૦૦,૦૦૦/-ની સહાય મંજૂર કરી હતી જ્યારે ૧૨૩ શિક્ષક સંતાન કે જે મેડીકલ-પેરામેડીકલમાં એડમીશન લીધા હોય તેમને રૂા.૩૦,૭૫,૦૦૦/-સહાય મંજૂર કરી છે કુલ રૂા.૧,૧૧,૭૫૦૦૦/-સહાય મંજૂર કરી હતી અત્યાર સુધી કુલ ૧૫૧ મૃત્યુ પામનાર શિક્ષક અને ૨૦૩ મેડીકલમાં ગયેલ વિદ્યાર્થીની સહાય મંજૂર કરેલ છે. આટલી સહાય અગાઉ ક્યારેય મંજૂર થઈ નથી.જેમને સહાય મળી છે તે અને નથી મળી તે તમામ શિક્ષકો જો વધુ સહાય **શિક્ષક કલ્યાણનિધિમાં પાંચ સપ્ટેમ્બર** અગાઉ આપશે તો વધુમાં વધુ સહાયો જાહેર કરી શકાશે.

ગુજરાત રાજયના **મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની** ,સુચનાથી બાળકવિ સંમેલનનું આયોજનશિક્ષણ વિભાગ દ્વારા કરાયું.જેમાં ૧૧૨ વિદ્યાર્થીમાં ૧૬ વિદ્યાર્થી પસંદ કરાયા જેઓએ ટાગોર હોલ,પાલડી ખાતે પોતાની આગવી છટામાં તેઓની રચનાઓ રજુ કરી હતી.આવી સુંદર તક બાળકવિઓને આપવા બદલ **મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ** તથા **શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા**,રાજયકક્ષાના **મંત્રીશ્રી,વસુબેન ત્રિવેદીનો તથા નાનુભાઈ વાનાણીનો** આભાર માનવામાં આવે છે.ભવિષ્યમાં પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાએ અલગ-અલગ આવા કાર્યક્રમ થાય તે જોવા વિનંતી...

શિક્ષણ વિભાગમાં જુદી જુદી દરખાસ્ત કમિશનર કચેરી દ્વારા આવેલી છે જેનો ઉકેલ લાવવા અંગેનો પત્ર આ અંકમાં સામેલ છે

તા.૨૧મી જુને સમગ્ર વિશ્વમાં યોગ-દિવસ ઉજવવામાં આવ્યો ઘણા વિરોધ વચ્ચે સમગ્ર વિશ્વમાં અને ભારતમાં યોગ દિવસ ઉજવી વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો તે બદલ અને આપણી સંસ્કૃતીના જતન બદલ માં.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ખુબ ખુબ અભિનંદન

ગુજરાત રાજ્યમાં પણ યોગદિવસની શ્રેષ્ઠ ઉજવણી બદલ મુખ્ય મંત્રી શ્રી તથા શિક્ષણ મંત્રી શ્રી જેઓ પણ કાર્યક્રમના કન્વીનર શ્રી હતા તેઓને અભિનંદન..

ખાસ કાર્યક્રમને સફળ બનાવવામાં જે શિક્ષકો, શિક્ષકસંઘના પદાધીકારીશ્રીઓ અને ભાગ લેવા બદલ બાળકોનો આભાર...

પ્રવેશોત્સવનો કાર્યક્રમ પણ સફળ થયો છે ગત વર્ષ કરતાં આ વર્ષે નામાંકન વધુ થયું છે,તે બદલ શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન હવે ગુણોત્સવના કાર્યક્રમમાં સૌને લાગી જવા વિનંતી

CCC અંગે ૫૦ વર્ષે મુક્તિને જી.એ.ડી.નો ઠરાવ આ અંકમાં સામેલ છે જેનો સીધો અમલ શાળાઓ કરી શકે છે.નવી શિક્ષણનીતી આવી રહી છે જેના મુદ્દા આ અંકમાં સામેલ છે.

ધો-૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીની ૪ વિષયની પરીક્ષા અને ધો-૧૨માં નાપાસ થનાર વિદ્યાર્થીની ૨ વિષયની પરીક્ષા લેવા અંગે બોર્ડમાં રજૂઆત કરેલ છે જેના ફળ સ્વરૂપે બોર્ડની કારોબારી એ આ બાબતને ઠરાવ સ્વરૂપે મંજૂરી આપલે છે.જો સરકાર તેને મંજૂરી આપે તો તેનો લાભ વિદ્યાર્થીને મળી શકશે.જે રજુઆત આ અંકમાં સામેલ છે

અધ્યાપકોની ભરતી અંગે છુટ આપી છે કોલેજ આચાર્યની ભરતી સીધી કરી શકે છે તે આવકાર દાયક છે તેમ ગ્રાન્ટેડ શાળામાં શિક્ષકોની ભરતી કરવા શિક્ષણમંત્રીશ્રીને અનુરોધ,હાલ માધ્યમિકમાં ૨૦૦૦ ઉચ્ચતરમાં ૫૦૦૦ અને આચાર્યશ્રીને ૧૨૦૦ જગ્યા ખાલી છે જેની અસર રીઝલ્ટ ગુણવત્તા બધા પર પડે છે જેથી તાકીદે આ ભરતી થવી જોઈએ.

અમરેલી બગસરામાં ૩૦ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો,જેમાં સાવરકુંડલાના ઉચ્ચતર શિક્ષક **સ્વ.શ્રી ગિરીશભાઈ લવજીભાઈ ચોથાણીનું** અવસાન થયેલ છે જેઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે.

રાજ્યના પ્રમુખ /મંત્રી, હોદ્દેદારો,બોર્ડ સભ્યોની મિટીંગ અમદાવાદ ખાતે તા.૨૮-૬-૧૫ના રોજ હતી જેની ચર્ચા /ઠરાવની નોંધ આ અંકમાં સામેલ છે.

હાયરમેસેજ ના વધુને વધુ આપશ્રી અને અન્ય તેના સભ્ય બને તે જોવા વિનંતી...

મિત્રો,સંકલન સમિતિની શિક્ષણમંત્રી સાથે બે વખત મિટીંગ હતી જે અનિવાર્ય સંજોગોને કારણે રદ થયેલ છે.સંકલન સમિતિ દ્વારા પ્રશ્નોના ઉકેલ અંગેની કાર્યવાહી ચાલુ છે. રક્ષણનો પ્રશ્ન ૧૦૦ ટકા ઉકેલાશે.શિક્ષણ મંત્રીશ્રીએ પુનઃતા.૨૪-૭-૧૫ના રોજ મિટીંગ આપી છે

રક્ષણ અંગેના અભિપ્રાય સરકારશ્રી દ્વારા જુદા જુદા અધિકારી શ્રી અને જાણકાર પાસેથી મેળવાયા છે

સંકલન દ્વારા પણ શા માટે રક્ષણ તેની માહિતી સંબધીત વ્યક્તિઓને આપેલ છે.પ્રેસનોટ દ્વારા,ટીવી ઈન્ટરવ્યુ દ્વારા પણ આ અંગે સર્વને માહિતગાર કર્યા છે.માત્ર થોડો સમય પસાર થવા દો પ્રશ્ન ઉકેલાઈ જશે.અન્ય પ્રશ્નો અંગે પણ રજુઆત કરેલ છે ટુંકસમયમાંજ શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીશ્રીની મિટીંગ મળશે.અને પ્રશ્નોનો સુખદ ઉકેલ આવશે. બોટાદ જીલ્લા ઉ.મા.સંઘની રચના કરવામાં આવી છે તેના પ્રમુખ-મંત્રી હોદ્દેદારોને અભિનંદન જામનગર જીલ્લા ઉ.મા.સંઘના નવા પ્રમુખ-મંત્રીને અભિનંદન...

**આભાર...**



**પંકજભાઈ કે.પટેલ**
**પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

## પરિપત્રો
## રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણ નિધી
## પરિપત્ર

ક્રમાંક : પ્રાશિનિ /શિક્ષક કલ્યાણ નિધી/
જ/૨૦૧૪/૮૧૮-૮૧૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,તા.૧૮-૩-૨૦૧૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)
શાસનાધિકારીશ્રી (તમામ)

વિષય : શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિ હેઠળ શિક્ષકોને આર્થિક સહાય ચુકવવા બાબત

સંદર્ભ : પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગરના તા.૧૦-૪-૨૦૧૩ના સરખા પરિપત્ર નંબર ૮૫-૧૬૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,આ કચેરીના તા.૧૦-૪-૨૦૧૩ના પરિપત્રથી શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિ હેઠળ શિક્ષકોને આર્થિક સહાય ચુકવવા બાબતે વિગતવાર જાણ કરવામાં આવેલ હતી.

તા.૩-૩-૨૦૧૪ના રોજ માન.શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ કાર્યવાહી સમિતિમાં લીધેલ નિર્ણય પ્રમાણે શિક્ષકોને આર્થિક સહાય ચુકવવા માટે નીચે પ્રમાણએનો નિર્ણય કરવામાં આવેલ છે.

● રાજ્યની પ્રાથમિક,માધ્યમિક,ઉ.મા.શાળાના જે શિક્ષકો પૂરા પગારમાં છે તેવા શિક્ષકોને સરકારશ્રીમાંથી મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળતું હોવાથી શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિમાંથી મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે નહીં.

● રાજ્યની પ્રાથમિક,માધ્યમિક,ઉ.મા.શાળાના જે શિક્ષકો પૂરા પગારમાં છે,તેવા શિક્ષકોના મૃત્યુના કિસ્સામાં રૂા.૧,૦૦,૦૦૦/- ની રોકડ સહાય મળવાપાત્ર રહેશે. (તા.૩-૩-૨૦૧૪થી અમલમાં આવશે.)નિયત નમૂનામાં આધારો સાથે અરજી કરવાની રહેશે.

● શિક્ષકોના બાળકો મેડિકલ કે ડેન્ટલમાં અભ્યાસમાં જોડાય ત્યારે તેઓને કોમ્પ્યૂટર / પુસ્તક ખરીદી માટે રૂા.૨૫,૦૦૦-ની આર્થિક સહાયક ચુકવવવામાં આવશે.વર્ષ ૨૦૧૪-૧૫માં જે બાળકો આવા અભ્યાસમાં જોડાય તેમને આ સહાય મળવાપાત્ર થશે. આ સહાય એક જ વખત મળવાપાત્ર થશે.તેના માટે નિયત કરવામાં આવેલ નમૂનામાં અધિકૃત અધિકારીના સહી-સિક્કા સાથે અરજી કરવાની રહેશે.સીધી અરજી મોકલવામાં આવશે તો તે રદ થવા પાત્ર રહેશે.

● વંચાણે લીધેલ તા.૧૦-૪-૨૦૧૩થી નક્કી કરવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

સેક્રેટરી / ટ્રેઝરર
શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિ,
ગુ.રા.ગાંધીનગર.

**શૈક્ષણિક કર્મચારીઓને પશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક : બમશ /૧૦૧૪ /૬૫૧/ છ.
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૦૫-૦૩-૨૦૧૫

**પરિપત્ર**

કમિશ્નરશ્રી શાખાઓની કચેરી દ્વારા શૈક્ષણિક કર્મચારીઓને પશ્યાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાની ઘણી દરખાસ્તો વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવે છે.શૈક્ષણિક કર્મચારીઓની ચાલુ સત્રમાં આ રીતે અચાનક સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ શિક્ષણકાર્યને અસર થવા સંભવ છે.સંસ્થાના સંચાલક મંડળ દ્વારા સામાન્ય સંજોગોમાં નિયત મંજુર કરવામાં આવે તે ઉચીત જણાતું નથી.સંચાલક મંડળના આ પ્રકારના નિર્ણયોને કારણે પશ્યાદવર્તી અસરથી મંજુરીના અને પેન્શનપાત્ર સેવા હોવા અંગેના પ્રમાણપત્ર મેળવવા પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે.અને પેન્શન મંજુરીમાં વિલંબ થાય છે.પરિણામે બિનજરૂરી કોર્ટ કેસો ઉભા થાય છે.જે વિગતોલક્ષમાં લેતાં અનુદાનિત શાળાઓ /કોલેજો / સંસ્થાઓને

લાગુ પડતાં નિયમોને આધીન જરૂરી વિચારણા કરી,નોટીસ પિરીયડ જતો કરવા અને માત્ર અનિવાર્ય કારણોસર અને અપવાદરૂપ કિસ્સાઓમાં જ નોટીસ પિરીયડ જતો કરવા અનેપશ્યાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાની દરખાસ્તો ચકાસણી કરીને સરકારશ્રીને નાણાં વિભાગની અનુમતિ અર્થે રજુ કરવામાં આવે તે બાબતે સંબંધિતોને જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી
અને તેમના નામે,
(એમ.બી.શાહ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

**કમિશ્નરશ્રીનો નિવૃત્તિ મંજૂર કરવાનો પરિપત્ર**

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય : શૈક્ષણિક કર્મચારીઓની પ્રશ્વાદવર્તી અસરથી સ્વૈ.નિવૃત્તિ મંજૂર કરવા બાબત**

**સંદર્ભ :**શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક પત્રાંક / બમશ /૧૦૧૪/૬૫૧/છ/તા.૦૫-૦૩-૨૦૧૫

ઉપર્યુક્ત વિષય તેમજ સંદર્ભ દર્શિત પરિપત્ર અન્વયે જણાવવાનું કે આપશ્રીના જિલ્લાના તાબા હેઠળની તમામ બિનસરકારી શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની પ્રશ્વાદવર્તી અસરથી સ્વૈ.નિવૃત્તિ મંજૂર કરવાની દરખાસ્તો અત્રેની કચેરીને રજૂ કરવામાં આવે છે અને અત્રેથી ચકાસણી કરી સરકારશ્રીમાં પણ મોકલી આપવામાં આવતી હોયછે.

પરંતુ સરકારશ્રીના ઉક્ત પરિપત્ર મુજબ આવા સમાન કર્મચારીઓની ચાલુ સત્રમાં અચાનક સંચાલક મંડળ દ્વારા સ્વૈ.નિવૃત્તિ મંજૂર કરવાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ શિક્ષણકાર્યને અસર થવાનો સંભવ છે.સંસ્થાના સંચાલક મંડળ કક્ષાએથી સામાન્ય સંજોગમાં નિયત મુદતની નોટીસ સિવાય સ્વૈ.નિવૃત્તિ મંજૂર કરવામાં આવે તે ઉચિત જણાતું નથી.

આવા,સમાન પ્રકારના નિર્ણયોને કારણે પ્રશ્વાદવ્રતી અસરથી સ્વૈ.નિવૃત્તિ મંજૂરીના અને પેન્શનપાત્ર સેવા હોવા અંગેના પ્રમાણપત્ર મેળવવાના બિનજરૂરી પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને પેન્શનની મંજૂરીમાં વિલંબ થાય છે.તેમજ બિનજરૂરી કોર્ટકેસો ઉપસ્થિત થાય છે.સદર કાર્યવાહી સબબ નોટીસ પીરીયડ જતો કરવા અને પ્રશ્વાદવ્રતી અસરથી સ્વૈ.નિવૃતિ મંજૂર કરવાની દરખાસ્તો આપની કક્ષાએથી પુરતી ચકાસણી કરીને અત્રેની કચેરી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ સાથે સરકારશ્રીના તા.૧૦-૦૩-૨૦૧૫ના પરિપત્રને ધ્યાને લઈ,આપની કક્ષાએથી પરિપત્ર કરી તમામ બિનસરકારી શાળાઓને અવશ્ય જાણ કરવાની રહેશે.(જેની નકલ સામેલ છે) સદર પરિપત્ર મુજબ જ તમામ દરખાસ્તો રજૂ થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.જેથી કરીને ઝડપી કેસોનો નિકાલ થઈ શકે.

(ઈ.પી.દેસાઈ)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર.

## ગ્રેજ્યુઈટી અંગે ઠરાવ

**મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી Death-Cum-Retirement Gratueity (D.C.R.G.) ની વિલંબિત ચુકવણી પર વ્યાજ ચૂકવવા બાબત**

ગુજરાત સરકાર,નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : નવત-૧૦૯૯-૧૪૦૨-૫
સચિવાલય,ગાંધીનગર.
તા.૪-૨-૨૦૧૫

**વંચાણમાં લીધા :**

(૧) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : એનવીએન-૧૦૭૯-૨૦૯૧-૫,તા.૧૪-૮-૧૯૭૯
(૨) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : નવન-૧૦૮૦-૧૭૬૦-૫,તા.૭-૭-૧૯૮૦
(૩) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : એનવીએન-

૧૦૯૧-૨૪૦૪-પી,તા.૧૮-૧૧-૧૯૮૧

(૪) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : ટીપીપી-૧૦૮૩-૧૫૬૩-પ,તા.૧૮-૭-૧૯૮૩

(૫) નાણાં વિભાગના ઠરાવ ક્ર.છ નવત-૧૧૮૬-જીઓઆઈ-૨૦-૫,તા.૧૩-૫-૧૯૮૬

(૬) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : નવત-૧૧૮૪-જીઓઆઈ-૨૫-૫,તા.૧૭-૭-૧૯૯૧

(૭) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : નવત-૧૧૯૪-ભા.સ.-૧-૫,તા.૮-૧૨-૧૯૯૪

(૮) નાણાં વિભાગના ઠરાવ ક્ર.: નવત-૧૦૯૯-૧૪૦૨-પી,તા.૧૬-૯-૧૯૯૪

(૯) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : ડીપીપી-૧૦૯૯-૪૯૬-ડી,૧૩૧-(૧૦)પી, તા.૨૩-૬-૨૦૦૦

(૧૦) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : નવત-૧૦૯૯-૧૪૦૨-૫,તા.૨૦-૧૨-૨૦૦૨

(૧૧) નાણાં વિભાગના ઠરાવ ક્ર. : નવત-૧૦૯૯-૧૪૦૨-૫,તા.૨૫-૮-૨૦૦૪

**ઠરાવ :**

મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની વિલંબિત ચુકવણી પર નિયત દરે વ્યાજની ચૂકવણી કરવા અંગેના આમુખમાં દર્શાવેલ સરકારના નાણાં વિભાગના ઠરાવો અમલમાં છે.છેલ્લા કેટલાક સમયથી મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી વિલંબિત ચુકવણી પરના વ્યાજના દર સુધારવાનો પ્રશ્ન સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતો.વર્તમાન સ્થિતિએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ વ્યાજના દરમાં વધારો થઈ રહ્યો હોવાથી મૃત્યુ-સહ-નિવૃતિ-ગ્રેજ્યુઈટીની વિલંબિત ચુકવણીઓ પર વ્યાજનો દર સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(૨) આ બાબતે બજીપૂર્વક વિચારણઆને અંતે મૃત્યુ-સહ-નિવૃતિ-ગ્રેજ્યુઈટીની વિલંબિત ચુકવણી પર વાર્ષિક ૯ ટકા (નવ ટકા) ના દરે વ્યાજની ચૂકવણી કરવાનું સરકારે આથી ઠરાવેલ છે.

(૩) વ્યાજના ૯ ટકા (નવ ટકા)ના દર ઠરાવની તારીખથી અમલમાં આવશે.

(૪) કોર્ટ કેસ / ખાતાકીય તપાસ તથા અન્ય કોઈકારણોસર જો પાછલી તારીખથી કર્મચારીને ગ્રેજ્યુઈટી પરવિલંબિત વ્યાજ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો,જે તે સમયે અમલમાં હોય તે વ્યાજના દર મુજબ વ્યાજ ચુકવવાનું રહેશે.

(૫) ઠરાવની અન્ય તમામ શરતો આમુખમાં જણાવેલ ક્રમાંક(૧૦) આગળના તા.૨૦-૧૨-૨૦૦૨માં દર્શાવ્યા મુજબની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી
અને તેમના નામે,
**સહી/-(કે.એચ.પાઠક)**
ઉપસચિવ (પેન્શન) નાણાં વિભાગ

## LTC અંગેનો ઠરાવ

**રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહત યોજના**
**ઉદાર બનાવવા બાબત**

ગુજરાત સરકાર,નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૫-૭૦૨-ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૨૩-૪-૨૦૧૫

**વંચાણે લીધા :**

(૧) ના.વિ.નો તા.૧૫-૧૦-૧૯૬૬નો ઠરાવ ક્ર. : મસભ-૨૧૮૬-૪૨૯૮-જ

(૨) ના.વિ.નો તા.૨૩-૪-૧૯૮૬નો ઠરાવ ક્ર. : મસભ-૨૧૮૬-૪૨૯૮-જ

(૩) ના.વિ.નો તા.૧-૭-૧૯૯૧નો ઠરાવ ક્ર. : મસભ-૨૧૯૧-૧૧૧૭-જ

**આમુખ :**

રાજ્ય સરકારના કર્મચારી / અધિકારીઓને રજા પ્રવાસ રાહત /વતન પ્રવાસ રાહત આપવાની યોજના નાણાં વિભાગના તા.૧૫-૧૦-૬૬ના મૂળ ઠરાવથી દાખલ કરવામાં આવેલ છે.કર્મચારી સંગઠનોની રજૂઆત તેમજ કર્મચારીઓને આ સવલત મેળવવામાં સુગમતા રહે તે બાબત ધ્યાને રાખીને આ યોજનામાં વખતોવખત જરૂરી સુધારાઓ

કરવામાં આવેલ છે.હાલમાં રજા પ્રવાસ રાહત ભોગવતી વખતે સરકારી કર્મચારી તેમણે જાહેર કરેલ મુખ્ય સ્થળની સાથે મુલાકાત માટે આવા અન્ય ત્રણથી ચાર મોટા સ્થળો જાહેર કરી શકે છે.તેમજ તે માટે સરકારનો હિસ્સો સીધા અને ટૂંકા માર્ગે ૬૦૦૦ કિ.મીની (જતાં-આવતાં) રેલ્વે ભાડા પુરતો મર્યાદિત મળવાપાત્ર થાય છે.

ઠરાવ :

૧.કર્મચારીઓ રજા પ્રવાસ રાહત દરમિયાન પોતાના કુટુંબ સાથે જુદા જુદા જોવાલાયક સ્થળનો પણ આનંદ ઉઠાવી શકે તે આશય ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે રજા પ્રવાસ રાહત મંજુરીના કિસ્સામાં સીધા અને ટૂંકા માર્ગનું નિયંત્રણ આથી રદ કરવામાં આવે છે.હવે પછી સરકારી કર્મચારી દ્વારા ભારતના કોઈપણ સ્થળે કુલ ૬૦૦૦ કિ.મી.(જતાં-આવતાં)ની મુસાફરીની મર્યાદામાં સીધા અને ટૂંકા માર્ગના નિયંત્રણ વગર રજા પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે.

૨.હાલમાં રજા પ્રવાસ રાહત સંદર્ભે ફક્ત રેલ્વે તેમજ સરકારી પરિવહન બસ સેવા દ્વારા કરવામાં આવેલ મુસાફરીને જ માન્ય ગણવામાં આવે છે.તેમાં હવે ઉમેરો કરી રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ્સ એજન્સી દ્વારાકરવામાં આવેલ પ્રવાસને પણ ઉક્ત હેતુ માટે માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. ઉક્ત ઠરાવનો અમલ તેની પ્રસિધ્ધિની તારીખથી કરવાનો રહેશે.આ ઠરાવની રવાનગી પહેલાં જે કેસો વિનિયત કરવામાં આવેલ છે તે ઉખેળવાના રહેશે નહિ.

૪. રજા પ્રવાસ રાહત સંદર્ભે અમલમાં રહેલ અન્ય સૂચનાઓ યથાવત રહે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી**
**અને તેમના નામે,**
**(એચ.ડી.સેઈલર)**
**સંયુક્ત સચિવ,**
**નાણાં વિભાગ.**

## ૫૦ વર્ષે C.C.C .માંથી મુક્તિનો ઠરાવ

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૨૦-૬-૨૦૧૫

કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C. પરીક્ષાપાસ કરવામાંથી મુક્તિ આપવા અંગે.

**વંચાણે લીધા :-**

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૦-૯-૨૦૦૬નું જાહેરનામું ક્રમાંકઃ જીએસ / ૨૦૦૬/૩૧ ખતપ/ ૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : પરચ /૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨-૭-૨૦૧૩નું જાહેરનામું ક્રમાંક : જીએસ /૨૦૧૩/૧૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧ક

(૪)સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૧-૫-૨૦૧૫નું જાહેરનામું ક્રમાંક : જીએસ /૨૦૧૫/૨૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ૧/ક

(૫)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨-૭-૨૦૧૩નો પરિપત્ર ક્રમાંકઃ પરચ /૧૦૨૦૦૫ /૧૫૧૯/પાર્ટ-૧/ક

**પરિપત્ર :-**

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર સરકારી કર્મચારીઓ /અધિકારીશ્રીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C/C.C.C . ની પરીક્ષા પાસ કરવાની રહે છે.ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઈ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે.આમ છતાં,સરકારી કર્મચારીઓ અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવવામાં આવી રહ્યું છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨.જે અધિકારીઓ /કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ /કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા C.C.C/C.C.C .પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ/ અધિકારીઓ ઉચ્ચતર પગાર ધોરણ /બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

## હક્ક રજા

**ગુજરાત માધ્યમિકશિક્ષણ વિનિયમો,૧૯૭૪,તેમાં ફેરફાર કરવા અંગે**

ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,ઠરાવક્રમાંક :બમશ ૧૩૨૦૦૦-૧૭૬૪-ગ,
સચિવાલય,ગાંધીનગર,તા.૨૩-૯-૨૦૦૩

વંચાણે લીધા :

(૧) નાણાં વિભાગનો તા.૧૬-૭-૯૯નો ઠરાવ ક્રમાંક :એલવીઈ-૧૦૯૮-૧૦૨૪-૫.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩-૯-૯૯નો પત્ર ક્રમાંક : બમશ-૧૧૯૯-૨૩૪૬-ગ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરનો પત્રક્રમાંક : મઉમશબ-ગ-ચે.૬-૭૮૯.

ઠરાવ : ઉપર આમુખ ક્રમાંક(૧)અને(૨)માં જણાવેલા અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬-૭-૯૯ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૯૯ના પત્રથી હક્ક રજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો ૧૯૭૪માં હક્ક રજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના ઉપર આમુખક્રમાંક :(૩) માં જણાવેલા તા.૧-૨-૦૩ના,પત્રથી કરેલ દરખાસ્તવિચારણા હેઠળ હતી.આ બાબતમાં પુખ્તવિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમક્રમાંક :(૭)(ક) અને વિનિમય ક્રમાંક : ૩૦(૭)(ખ)(૧) નીચે મુજબ સાધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિનિમયક્રમાંક : ૩૦ (૭) (ક)

બિનસરકારી માધ્યમિક શાળાઓનાં શિક્ષકોને વેકેશન દરમ્યાન સરકારી બોર્ડની કામગીરી માટે ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનમાં સમયગાળા માટે તેઓનાં ખાતે રજા જમા કરવા માટે !! સુધારેલા રજાના નિયમો !!ના નિયમ-૯ અને નિ.મ-૯(એ)ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને હક્ક રજા મળવાપાત્ર થશે.

આ પ્રકારની હક્ક રજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીઓને જ મળવાપાત્ર થશે. આવી હક્ક રજા જે-તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૩૦ દિવસ કરતાં વધે નહિ તે રીતે મંજૂર કરવાની રહેશે.

વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક્ક રજા ૩૦૦ દિવસની થાય કે તરત જ હક્કરજા પ્રાપ્ત થતી બંધ થશે.આ જોગવાઈઓનો અમલતા.૧-૭-૯૭થી કરવાનો રહેશે.

વિનિમય ક્રમાંક : ૩૦(૭) (ખ) (૧) :

બિન-અધ્યાપકીય સ્ટાફનાં સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હક્કદાર થશે નહિ,પણ નોકરીનાં પુરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજનાં વર્ષ દીઠ હક્ક રજા મળશે.

રાજ્યની તમામ બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકો તથા આચાર્યને જમા પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનું રહેશે

બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બિનશૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહિ.પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનું નિવૃત્તિ સમયે મહત્તમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે.આ જોગવાઈઓનો અમલ તા.૧-૭-૯૭થી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી,મનહર આર.ચૌધરી**
**સેકશન અધિકારી,શિક્ષણ વિભાગ**

## હક્ક રજા

**બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના રજાનાવિનિમયમાં સુધારો કરવા અંગે**

ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,ઠરાવક્રમાંક : બમશ-૧૩૨૦૦૦-૧૭૬૪-ગ,
સચિવાલય,ગાંધીનગર,તા.૨૩-૧૦-૨૦૦૩

**વંચાણમાં લીધા :**(૧) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ-૧૦૯૮-૧૦૨૪-પ,તા.૧૬-૭-૯૯
(૨) શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : બમશ-૧૧૯૯-૨૩૪૬-ગ,તા.૨૩-૯-૯૯.
(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરનો પત્રક્રમાંક ઉમશબ-ગ-ટે-૬-૭૮૯,તા.૧-૨-૦૩

ઠરાવ : ઉપર આમુખક્રમાંક(૧)અને (૨)માં જણાવેલ અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬-૭-૯૯ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૯૯ના પત્રથી હક્કરજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં હક્કરજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ,ગાંધીનગરના ઉપર આમુખક્રમાંક(૩)માં જણાવેલ તા.૧-૨-૦૩ના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.આ બાબતમાં પુખ્ત વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ. ક્રમાંક : ૩૦(૭)(ક) અને વિનિયમ ક્રમાંક૩૦(૭)(ખ)(૧) નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે :

વિનિમય ક્રમાંક : ૩૦ (૭)(ક) :

બિનસરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોને વેકેશન દરમિયાના સરકારી / બોર્ડની કામગીરી માટે ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓનાં ખાતે રજા જમા કરવા માટે(સુધારેલા રજાનાનિયમો)ના નિયમ-૯ અને નિયમ-૯(એ)ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને હક્કરજા (EL) મળવાપાત્ર થશે.

આ પ્રકારની હક્કરજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે.આવી હક્કરજા જે તે શૈક્ષણિક વર્ષ દરમિયાન ૩૦ દિવસ કરતાં વધે નહિ તે રીતે મંજૂર કરવાની રહેશે.

વધુમાં આવા સભ્યોને તેને લેણી નીકળતી હક્કરજા ૩૦૦ દિવસની થાય કે તરત જ હક્કરજા પ્રાપ્ત થતી બંધ થશે.આ જોગવાઈઓનો અમલ તા.૧-૭-૯૭થી કરવાનો રહેશે.

વિનિયમક્રમાંક : ૩૦(૭) (ખ)(૧) :

બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હક્કદાર થશે નહિ,પણ નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજનાં વર્ષદીઠ હક્કરજા મળશે.

રાજ્યની તમામ બિનસરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજા / અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનું રહેશે.

બિનસરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહિ.પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્તરજાઓનું નિવૃત્ત સમયે મહત્તમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે.આ જોગવાઈઓનો અમલ તા.૧-૭-૧૯૯૭થી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાનામે,

**સહી,મનહર આર.ચૌધરી**
**સેકશન અધિકારી,શિક્ષણ વિભાગ**

## હક્ક રજા

**બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના રજાના વિનિયમમાં સુધારો કરવા અંગે**

ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,ક્રમાંક : બમશ /૧૩૯૬/૪૨૫૬/ગ,
સેકટર ૧૦ બી,જૂના સચિવાલય પાસે,ગાંધીનગર,તા.૨૩-૮-૨૦૦૪

પ્રતિ,
આચાર્ય શ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)
ગુજરાત રાજ્ય

**વંચાણે લીધા :** (૧) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીએ /૧૦૯૮/૧૦૨૪/૫,તા.૧૬-૭-૧૯૯૯.
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૯ ૨૩૪૬ગ,તા.૨૩-૯-૧૯૯૯
(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરનો પત્રક્રમાંક : મઉશબ/ગ/ટિ-૬/૭૮૯,તા.૧-૨-૨૦૦૩.

**ઠરાવ :**

ઉપર આમુખક્રમાંક (૧)માં જણાવેલ અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬-૭-૧૯૯૯ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૧૯૯૯ના પત્રથી હક્કરજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં હક્કરજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના ઉપર આમુખક્રમાંક (૩) માં જણાવેલ તા.૧-૨-૨૦૦૩ના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.આ બાબતમાં પુખ્ત
વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમક્રમાંક :૩૦(૭) (ક) અને વિનિયમક્રમાંક :૩૦(૭)(ખ)(૧) નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે :

વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ક) :

બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોને વેકેશન દરમિયાન સરકારી /બોર્ડની કામગીરી માટે ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજા જમા કરવા માટે (સુધારેલ રજાના નિયમો)ના નિયમ-૯અને નિયમ-૯(એ)ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને હક્કરજા (EL) મળવાપાત્ર રહેશે.

આ પ્રકારની હક્કરજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીઓને જ મળવાપાત્ર થશે. આવી હક્કરજા જે-તે શૈક્ષણિક વર્ષ દરમિયાન ૩૦ દિવસ કરતાં વધે નહિ તે રીતે મંજૂર કરવાની રહેશે.

વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક્કરજા ૩૦૦ દિવસની થાય કે તરત જ હક્કરજા પ્રાપ્ત થતી બંધ થશે.આ જોગવાઈઓનો અમલ તા.૧-૭-૧૯૯૭ થી કરવાનો રહેશે.

વિનિમયક્રમાંક : ૩૦(૭)(ખ)(૧) :

બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હક્કદાર થશે નહિ,પણ નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજનાં વર્ષદીઠ હક્કરજા મળશે.

રાજ્યની તમામ બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજા /અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનું રહેશે.

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધેયમિક શાળાઓના બિનશૈક્ષણિત્ક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહિ,પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્તરજાઓનું નિવૃત્તિ સમયે મહત્તમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે.આ જોગવાઈઓનો અમલ તા.૧-૭-૧૯૯૭થી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી,મનહર.આર.ચૌધરી**

**સેકશન અધિકારી,શિક્ષણ વિભાગ**

## કોલેજના આચાર્યની ભરતીનો ઠરાવ

રાજ્યની બિનસરકારી અનુદાનિત
કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયા
અંગે,

ગુજરાત સરકાર,શિક્ષણવિભાગ,
ઠરાવ ક્રમાંક : એનજીસી /૧૧૨૦૧૧ /૨૩૭૦ /ખ
સચિવાલય,ગાંધીનગર
તારીખ : ૨૮-૫-૨૦૧૪

**વંચાણે લીધા :**

૧. શિક્ષણ વિભાગના તા.૨૯-૯-૨૦૧૧,તા.૧૪-૧૧-૨૦૧૧,તા.૪-૨-૨૦૧૨, તા.૧૮-૬-૨૦૧૨ તથા તા.૨૦-૧-૨૦૧૪ના સમાનાંકી ઠરાવો

૨. ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીની તા.૨૪-૧૧-૨૦૧૪ની દરખાસ્ત ક્રમાંક - OW/2014/ISC8/10286

**આમુખ:**

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન,વાણિજ્ય,વિજ્ઞાન,કાયદો અને શિ.વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી માટે એન.ઓ.સી આપવામાં આવે છે તેવી

કોલેજ અગાઉ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા હાથ ધરી આચાર્યની ભરતી કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્ર-૧ પરના ઠરાવથી મંજુરી આપવામાં આવી હતી.પરંતુ અનુભવે જણાયા મુજબ ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે તે માટે કમિશનર કચેરી દ્વારા કેન્દ્રીયકૃત પધ્ધતિને બદલે વિકેન્દ્રીત પધ્ધતિ ભરવા માટેની મંજુરી આપવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક -૨ના પત્રથી

દરખાસ્ત કરી હતી સરકારશ્રઈની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન વાણિજ્ય,વિજ્ઞાન,કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની જગ્યાઓ કેનદ્રીયકૃત પધ્ધતિને બદલે વિકેન્દ્રીત

પધ્ધતિથી ભરવા માટે પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

**શરતો :-**

૧. આ ભરતી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા ક્રમાંક -૧ પરના તા.૨૦-૧-૨૦૧૪ના

ઠરાવથી નિયત થયેલ ગુણાંકન પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે.

૨.    ભરતી પ્રક્રિયા દરમ્યાન સરકારશ્રીની અનામત અંગેની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ
રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.
૩.    પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે
તથા સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે.
૪.    સબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી મળ્યાના એક માસમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા
અગ્રગણ્ય વર્તમાનપત્રો (અંગ્રેજી તેમજ ગુજરાતી) માં જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતો ઉચ્ચ શિક્ષણ કમિશનર
કચેરીને મોકલી આપવાની રહેશે.
૫.    સંબંધિત કોલેજો તરફથી મળેલ માહિતી કમિશનર કચેરી દ્વારા યુનિવર્સિટીવાર અલગ
કરી,યુનિવર્સિટી હેઠળ આવેલ તમામ કોલેજોની ઈન્ટવ્યુની તારીખ નક્કી કરવાની રહેશે.
૬.    ઈન્ટરવ્યુનું સ્થળ જે યુનિવર્સિટી કેમ્પસમાં રાખવું.
૭.    ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી પ્રક્રિયા
(જાહેરાતથી લઈ નિમણૂક સુધી) ગુણવત્તા આધારીત,વિશ્વસનીય અને પારદર્શક રીતે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.ઉપરાંત તમામ ઉમેદવારો જાણી શકે તે માટે સંબંધિત
સંસ્થા યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીની વેબસાઈટ પર જગ્યાઓ અને ભરતીની વિગતો મૂકવામાં આવે તે કમિશનર કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
૮.    આ ભરતી પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટેનું સમયપત્રક નક્કી કરી તે મુજબ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય તે કમિશનર કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(નિકુંજ જાની)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

## ઉદ્યોગશિક્ષક અંગે

**ઉદ્યોગશિક્ષક મિત્રો,**

મહામંડળના હોદ્દેદારો,પ્રમુખમંત્રીની મિટીંગ અમદાવાદ ખાતે મળી હતી જેમાં નક્કી થયુ હતુ કે મહામંડળ દ્વારા વહેલી તકે મદદનીશ શિક્ષકના પગાર ધોરણ અંગેની ઉદ્યોગ શિક્ષકની ફાઈલ નાણા વિભાગમાં મોકલવા પ્રયત્ન કરશો.જો નાણાં વિભાગ નેગેટીવ થાય તો કોર્ટ દ્વારા કાર્યવાહી કરવી જેઓએ ૫૦૦૦ ભંડોળ આપેલ છે તેનો હિસાબ મહામંડળ પાસે છે તે અંગે કોઈએ શંકા કુશંકા રાખવી નહી.કુલ ૨૧૯ ઉદ્યોગ શિક્ષકના નાણાં આવેલ છે.જેનો વહીવટ અગીયાર રાજયોની મહામંડળની કમીટી કરશે.તેઓ માટે જ જરૂર પડે કોર્ટ કાર્યવાહી થશે.કોઈપણ પ્રશ્ન અંગે કન્વીનરશ્રીનો સંપર્ક કરવો

**જેઠાભાઈ એન.પટેલ**
**કન્વીનરશ્રી ઉદ્યોગ શિક્ષક**
૯૪૨૭૬ -૩૩૮૪૩

## હોદ્દેદારો,જીલ્લાપ્રમુખ,મંત્રીશ્રીની મિટીંગ

તા.૨૮-૭-૧૫ના રોજ મહામંડળની ઓફિસ,પાલડી,અમદાવાદ ખાતે મહામંડળના હોદ્દેદારો,જીલ્લાપ્રમુખ,મંત્રીશ્રીની મિટીંગ **મહામંડળના પ્રમુખ શ્રી પંકજભાઈ કે.પટેલના પ્રમુખ સ્થાને** મળી હતી જે પ્રમુખશ્રી ઉપરાંત બોર્ડ સભ્યશ્રી જયંત ગડારા,મહેશભાઈ પટેલે હાજરી આપી હતી.બંન્ને બોર્ડ સભ્યશ્રીએ બોર્ડની કામગીરીની માહિતી આપી હતી.મિટીંગમાં નીચેના ઠરાવો થયા હતા.

(૧) સંકલન સમિતિ પ્રશ્નોના ઉકેલ અંગે જે આદેશ આપે તેનો અમલ કરવો.

(૨) સરકાર કે મંત્રીશ્રી વિરૂધ્ધ કોઈ ઈમેજ કે લખાણ વોટ્સઅપમાં પોસ્ટ કરવું નહીં.

(૩) સંકલન સમિતિ કે નેતા વિરૂધ્ધ કોઈ લખાણ કે ઈમેજ પોસ્ટ કરે તો તેની સામે પ્રશ્નના ઉકેલમાં હરકત બદલ કાર્યવાહી કરવી

(૪) ઓગષ્ટ માસ પહેલા કોઈપણ આચાર્ય શ્રી વર્ગ ઘટાડાની દરખાસ્ત મોકલે તે અંગે આચાર્યસંઘને જણાવવું.

(૫) મૃત્યુ પામનાર શિક્ષકશ્રી અને છોટાઉદેપુર મંત્રીશ્રીના ફાધરના મૃત્યુ અંગે શોક ઠરાવ

(૬) હાયર મેસેજના લક્ષ્યાંક અનુસારનાં બાકી સભ્યો બનાવવા

(૭) હાયર મેસેજની ફરીયાદ ઝોનવાર કરવી અને તેનો ઉકેલ લાવવો

(૮) શિક્ષકદિને વધુ ફાળો એકઠો કરવો જેથી વધુ સહાય મેળવી શકાય

(૯) ધો-૧૦માં ચાર અને ધો-૧૨ કોમર્સમાં બે વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીની પરીક્ષા લેવા અંગે ઠરાવ

(૧૦) ઉદ્યોગશિક્ષકની દરખાસ્ત તાકીદે નાણાં વિભાગમાં જાય તે અંગે કાર્યવાહી કરવી જો નાણાંવિભાગમાંથી નેગેટીવ પરિણામ મળે તો કોર્ટમાં જવું.

(૧૧) ગ્રંથાપાલ,સુપરવાઈઝર મહેનતાણામાં વધારો,વિજ્ઞાનપ્રવાહમાં ત્રણનો રેસીયો રાખવો વગેરે દરખાસ્ત તાકીદે નાણાં વિભાગમાં મોકલવા અંગે

**વિનોદભાઈ પટેલ**
**મહામંત્રી ગુ.રા.ઉ.મહામંડળ**

### ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ
### સંઘના મુખપત્ર 'હાયરમેસેજ'ના ઝોન કન્વીનરશ્રીઓની માહિતી

(૧) ભૂપેન્દ્રકુમાર જી.મહંત ગાંધીનગર મો.નં :૯૪૨૮૧૧૭૩૬૦
ગાંધીનગર,મહેસાણા,બનાસકાંઠા,પાટણ,અરવલ્લી

(૨) સુરેશભાઈ આર.પટેલ અમદાવાદ શહેર મો.નં : ૮૫૧૧૫૧૯૧૪૯.
અમદાવાદ શહેર,અમદાવાદ ગ્રામ્ય,પંચમહાલ,મહીસાગર,દાહોદ

(૩) વિમલ પી.મકવાણા આણંદ મો.નં : ૯૮૨૫૫૮૭૩૯૦
આણંદ.ખેડા,વડોદરા,ભરૂચ,નવસારી,સુરત,નર્મદા,તાપી,વલસાડ,છોટાઉદેપુર

(૪) તુલસીભાઈ આર.મકવાણા અમરેલી મો.નં : ૯૪૨૬૨૩૩૯૯૨
અમરેલી,રાજકોટ,ભાવનગર,મોરબી,જામનગર,જુનાગઢ,કચ્છ,સુરેન્દ્રનગર,બોટાદ,દ્વારકા,ગીરસોમનાથ,પોરબંદર

**પંકજભાઈ પટેલ** — **પ્રમુખ**

**વિનોદભાઈ પટેલ** — **મહામંત્રી**

**ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ**

## મહા મંડળની સચીવશ્રીને રજૂઆત

પ્રતિ,
અધિક અગ્ર સચીવ શ્રી,શિક્ષણ,
ગુજરાત રાજ્ય,

**વિષય : કમિશનર કચેરી દ્વારા આવેલી દરખાસ્તો અંગે ઘટતી કાર્યવાહી કરવા બાબત**

**મા.સાહેબ શ્રી,**

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે સ્કૂલ ઓફ કમિશનરની કચેરી દ્વારા શિક્ષણ વિભાગમાં ઘણા સમયથી જુદી જુદી દરખાસ્તો આવેલી છે તે અંગે ઘટતી કાર્યવાહી તાકીદે કરવા વિનંતી.

(૧) સુપરવાઈઝર એલાઉન્સ-૧૫૦ના બદલે ૧૦૦૦ કરવા અંગે તા.૨૩-૯-૧૩
(૨) વિજ્ઞાનપ્રવાહમાં ત્રણ શિક્ષકનો રેસીયો રાખવા અંગે તા.૯-૧૦-૧૩
(૩) ઉદ્યોગશિક્ષકની પોસ્ટ મદદનીશમાં રૂપાંતર કરી મદદનીશનું પગાર ધોરણ આપવા અંગે તા.૩૦-૮-૧૩,તા.૩-૩-૧૫
(૪) ગ્રંથપાલ કે જેને તા.૧-૧-૯૬ પછી નવ વર્ષ પૂર્ણ થતાં હોય તેને ૫૦૦૦-૮૦૦૦નું પગાર ધોરણ આપવા અંગે તા.૩૦-૮-૧૩
(૫) ઉચ્ચતર વિભાગમાં ચાર વર્ગે સુપરવાઈઝર આપવા અંગે તા.૩૦-૮-૧૩
(૬) રાજ્યની તમામ યુનીર્વસીટીમાં ઉચ્ચતર શિક્ષકોને તા.૩૦-૮-૧૩ સેનેટમાં સભ્યપદ આપવા અંગે
(૭) ૧૯૯૫ પછી બી.એડ થયેલ લેબ-કો ઓર્ડીનેટરને મદદનીશનું પગાર ધોરણ -૧૬૪૦-૨૯૦૦ આપવા અંગે તા.૩૦-૮-૧૩
(૮) વ્યાવસાયલક્ષીના લઘુલાયકાત વાળા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા અંગે તથા તેઓને લાયકાત મેળવવામાંથી મુક્તિ અંગે તા.૮-૧૦-૧૨
(૯) ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા અંગે તા.૩૦-૮-૧૩
(૧૦) એન્ટ્રી લેવલ પે સ્કેલ અંગે તા.૧૭-૮-૧૨,તા.૯-૧-૧૩
(૧૧) ઉચ્ચતર શિક્ષકોને ૩૧ વર્ષ ત્રીજુ ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે તા.૧૭-૮-૧૨

**અભાર**

**પંકજભાઈ કે.પટેલ**
**પ્રમુખશ્રી,ગુ.રા.ઉ.મહામંડળ**

**નોંધ :** ઉપરોક્ત રજુઆત શિક્ષણમંત્રીશ્રી શિક્ષણ સચીવશ્રીને તા.૧૩-૭-૧૫ના રોજ પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રી દ્વારા કરવામાં આવી હતી.શિક્ષણ મંત્રીશ્રીએ તા.૧૪-૭-૧૫ની અધિકારીશ્રીની મિટીંગમાં મુદ્દા ધ્યાને લેવાની ખાત્રી આપી હતી.

## બોર્ડમાં રજૂઆત

પ્રતિ,
ચેરમેન શ્રી,
ગુ.મા.અને ઉ.મા,વોર્ડ

**વિષય : ધો-૧૦ની ચાર વિષયની અને ધો-૧૨ સામાન્ય પ્રવાહની બે વિષયની પરીક્ષા લેવા બાબત**

**મા.સાહેબ શ્રી,**

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં નાપાસ થનાર વિદ્યાર્થીની બધા વિષયની પરીક્ષા લેવાય છે.

ધો-૧૦માં ચાર વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીની પરીક્ષા લેવાવી જોઈએ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીની પૂરક પરીક્ષા લેવી જોઈએ જેથી વિદ્યાર્થીની સ્થગિતતા ન આવે અને ઉચ્ચતર અભ્યાસમાં દાખલ થવાની તક પ્રાપ્ત થાય

અભાર...

**પંકજભાઈ કે.પટેલ**
**પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

**નોંધ :** બોર્ડની કારોબારીમાં ઉપરોક્ત રજુઆતની ચર્ચા થઈ હતી જેમાં ધો-૧૦માં ચાર વિષય અને ધો-૧૨માં બે વિષયમાંનાપાસ થનારની પરીક્ષા લેવાનું નક્કી થયેલ છે જેની સરકારની મંજૂરી અર્થે મોકલેલ છે.

### બોટાદ જીલ્લા ઉચ્ચ.માધ્ય.શિક્ષકસંઘની રચના

તા.૧૨-૭-૧૫ના રોજ બોટાદ જીલ્લા ઉ.મા.શિક્ષક સંઘની રચના કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે રસીદભાઈ શેખ અને મંત્રી તરીકે નીતીનભાઈ ગણાત્રાની વરણી કરવામાં આવી હતી.તદ ઉપરાંત આઠ હોદ્દેદારોની વરણી કરાઈ હતી.મિટીંગ ભાવનગર ઉ.માં.સંઘના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા,મંશ્રીશ્રી કલ્પેશ કેરશીયા,અને મહામંડળના સંગઠન મંશ્રી શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં આ રચના કરાઈ હતી.નવા ચુંટાયેલ તમામને અભિનંદન

**હાયરમેસેજ પરિવાર**

### જામનગર જીલ્લા ઉ.મા.સંઘના પ્રમુખ તરીકે

**શ્રી વી.એસ.કાલરીયા,મંત્રી તરીકે જીવનભાઈ વરસાણી ની** વરણી કરવામાં આવે છે તેમને અભિનંદન, ટુંક સમયમાં બાકીના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે

## રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણ નિધી

માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના કાર્યાલય ખાતે તા.૨૨-૬-૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણ નિધિની બેઠક માન.શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબના અધ્યક્ષ સ્થાને મળેલ જેમાં રાજય કક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેલ.મિટીંગમાં સદસ્ય શ્રી ચંદુભાઈ જોષી,પ્રમુખ,ગુ.રા.પ્રા.શિ.સંઘ,શ્રી રમેશભાઈ પટેલ,પ્રમુખશ્રી,માધ્યમિક શિક્ષક સંઘ અને શ્રી પંકજભાઈ પટેલ,પ્રમુખશ્રી,ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ તથા કલ્યાણ નિધિના સચિવશ્રી ભરતભાઈ પંડિતની ઉપસ્થિતિમાં એજન્ડાના મુદ્દા પ્રમાણે ચર્ચા કરવામાં આવેલ. જેમાં મૃત્યુ પામેલ ૭૧ શિક્ષક ભાઈ-બહેનોને ૧,૦૦,૦૦૦/- રૂપિયા મુજબ ૭૧,૦૦,૦૦૦/- રૂપિયા સહાય,પાંચ શિક્ષણ સહાયકને ૨,૦૦,૦૦૦/- મુજબ ૧૦,૦૦,૦૦૦/-રૂપિયા સહાય,તેમજ વધુમાં જે (જુન-૨૦૧૪) મેડીકલ-પેરામેડી.માં પ્રવેશ મેળવેલ હોય તેવા ૧૨૩ શિક્ષક સંતાને ૨૫,૦૦૦/- મુજબ કુલ ૩૦,૭૫,૦૦૦/-રૂપિયા પ્રોત્સાહનના ભાગરૂપે સહાય મંજૂર કરવામાં આવેલ.કુલ ૧,૧૧,૭૫,૦૦૦/- રૂપિયા સહાય આજની મિટીંગમાં મંજૂર કરવામાં આવેલ.વધુમાં આજની બેઠકમાં ત્રણેય મંડળોએ વધુ ફંડ એકત્ર કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.ચર્ચા વિચારણાનાં અંતે ત્રણેય મંડળોએ તમામ શિક્ષક ભાઈ-બહેનોને અપીલ કરી વધુ ફંડ એકત્ર થાય તે માટે પાંચ સપ્ટેમ્બર પહેલાં મહામંડળ મારફત ફંડ એકત્રીત કરી કલ્યાણ નિધિમાં જમા કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

જેથી ભવિષ્યમાં વધુ સહાયો આપી શકાય.આજની મિટીંગમાં ખૂબ જ સારા નિર્ણયોને આવકારી ત્રણેય મંડઓએ માન.મંત્રીશ્રીઓ અને તથા સચિવશ્રીનો આભાર વ્યક્ત કરેલ.લાભાર્થીની યાદી સામેલ છે

**અત્યાર સુધી કુલ ૩૮ + ૭૧ = ૧૦૯ મૃત્યુસહાય,શિક્ષક સંતાનને કુલ ૧૮૬ + ૧૨૩ = ૩૦૯ સહાય આપેલ છે.**

## શિક્ષક દિનના ફાળાની અપીલ

શિક્ષક મિત્રો,

પાંચમી સપ્ટેમ્બર શિક્ષકદિન અગાઉ આ વર્ષે વધુમાં વધુ શિક્ષક દિનનો ફાળો આપણે આપીએ અને વિદ્યાર્થી પાસેથી પણ વધુ ફાળો એકત્રીત કરીએ.જેથી શિક્ષક કલ્યાણનીધીમાંથી આપણએ વધુ ને વધુ સહાય જુદા જુદા પ્રકારની આપી શકાય.છેલ્લા બે વર્ષમાં મા.ભૂપેન્દ્રસિંહ ના અધ્યક્ષ સ્થાને શિક્ષકનો ફાળો શિક્ષકો માટે જ વધુને વધુ વાપરી શકાયો છે. ભવિષ્યમાં એન્જીનીયરીંગમાં જનાર શિક્ષક સંતાનને પ્રોત્સાહન રકમ આપવાનો વિચાર છે જેને માટે વધુ ભંડોળ અનિવાર્ય છે માટે શિક્ષક દિને વધુ ફાળો એકત્રીત કરવા અપીલ છે.જે શિક્ષકોએ સહાય મેળવી છે તે વધુ ફાળો આપે.

**વિનોદભાઈ પટેલ**
**મહામંત્રી ગુ.રા.ઉ.મહામંડળ**

**પંકજભાઈ કે.પટેલ**
**પ્રમુખશ્રી, ગુ.રા.ઉ.મહામંડળ**

## વર્ષ-૨૦૧૪માં મેડિકલમાં પ્રવેશ બદલ શિક્ષક સંતાન જેઓને સહાય રૂા. ૨૫,૦૦૦/- મળેલ છે તેની યાદી

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | જિલ્લો | સંતનાને પ્રવેશ મેળવેલ સંસ્થાનું નામ | સહાય રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | વસાવા પ્રકાશભાઈ દેવજીભાઈ | સરકારી હાઈસ્કૂલ રાજપીપળા | નર્મદા | જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ,વડોદરા | ૨૫,૦૦૦ |
| ૨ | શાહ રાજેન્દ્રકુમાર ભીખાભાઈ | સારસ્વત ઉ.બુ.વિદ્યાલય બાયડ,જી-અરવલ્લી | અરવલ્લી | ધન્વંતરી આયુર્વેદીક કોલેજ કોયડમ,જી-મહીસાગર | ૨૫,૦૦૦ |
| ૩ | શ્રીમતી સોનલબેન જયંતિલાલ જોષી | એસ.કે.પટેલ.હાઈ. ઓઢા,બાયડ | અરવલ્લી | ધન્વંતરી આયુર્વેદીક કોલેજ કોયડમ,જી-મહીસાગર | ૨૫,૦૦૦ |
| ૪ | મકવાણા મણીભાઈ ડાહ્યાભાઈ | શ્રી રામકૃષ્ણ ઉ.મા.વિભાગ ભાટકોટા,તા-મેઘરજ | અરવલ્લી | જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ,ધારપુર,પાટણ | ૨૫,૦૦૦ |
| ૫ | પટેલ નરેન્દ્રભાઈ પ્રેમજીભાઈ | શ્રી એચ.એસ.શાહ હાઈસ્કૂલ,લીમડીયા | મહીસાગર | જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ,ધારપુર,પાટણ | ૨૫,૦૦૦ |
| ૬ | રાઠોડ પ્રતિભાબેન દેવીસિંહ | શ્રી પ્રતાપ હાઈ. વાંસદા | નવસારી | વૈદિક ડેન્ટલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર,દમણ | ૨૫,૦૦૦ |
| ૭ | પટેલ નરેશભાઈ ભીમજીભાઈ | શ્રી પ્રતાપ હાઈ. વાસંદા | નવસારી | એમ.પી.શાહ મેડીકલ કોલેજ,જામનગર | ૨૫,૦૦૦ |
| ૮ | વાઘેલા નર્મદાબેન મણીલાલ | શાહ હાઈસ્કૂલ,આજોલ તા-માણસા | ગાંધીનગર | જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,ગોત્રી,વડોદરા | ૨૫,૦૦૦ |
| ૯ | વણકર રામાભાઈ કાનાભાઈ | શ્રી.એમ.એચ.દયારામ, શારદામંદિર,ડભોઈ | વડોદરા | કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ અમરગઢ,જી-ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૧૦ | ત્રિવેદી વિશ્વાસકુમાર રમેશચંન્દ્ર | શ્રી બી.વી.પટેલ વિદ્યામંદિર,સોની | બનાસકાંઠા | સિધ્ધપુર ડેન્ટલ કોલેજ | ૨૫,૦૦૦ |
| ૧૧ | સાંગાણી મનસુખભાઈ રમેશચંન્દ્ર | નેશનલ હાઈ.આર્ય સમાજ રોડ,જામનગર | જામનગર | એમ.પી.શાહ મેડિકલ કોલેજ જામનગર | ૨૫,૦૦૦ |
| ૧૨ | કુરેશિયા રશ્મિકાન્ત અમૃતલાલ | શ્રીમતી યુ.પી.વ્યાસ કન્યા વિદ્યાલય,જોડીયા | જામનગર | જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ,ગાંધીનગર | ૨૫,૦૦૦ |
| ૧૩ | વણકર નટવરકુમાર માનાભાઈ | ભારતીય વિદ્યાભવન નર્મદા વિદ્યાલય | ભરૂચ | જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ,વલસાડ | ૨૫,૦૦૦ |
| ૧૪ | શ્રી બી.એમ.રાણા | વિદ્યુત બોર્ડ વિદ્યાલય વડોદરા | વડોદરા | મનુભાઈ પટેલ ડેન્ટલ વડોદરા | ૨૫,૦૦૦ |

## વર્ષ-૨૦૧૪માં મેડિકલમાં પ્રવેશ બદલ શિક્ષક સંતાન જેઓને સહાય રૂા. ૨૫,૦૦૦/- મળેલ છેતેની યાદી

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | જિલ્લો | સંતનાને પ્રવેશ મેળવેલ સંસ્થાનું નામ | સહાય રકમ |
|---|---|---|---|---|---|
| ૧૫ | મકવાણા દુર્લભજીભાઈ ગણેશભાઈ | પ્રાગતિક વિદ્યાલય પાંડવા | મહીસાગર | બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદ | ૨૫,૦૦૦ |
| ૧૬ | દવે મીનાબેન રતિલાલ | શેઠ.સી.કે.હાઈ. સાણંદ | અમદાવાદ | ગીતાંજલી ડેન્ટલ એન્ડ રીસર્ચ ઈનસ્ટીટયુટ,ઉદેપુર | ૨૫,૦૦૦ |
| ૧૭ | બારોટ હિમાંશુ વિષ્ણુપ્રસાદ | માતૃછાયા કન્યા વિદ્યાલય,ભૂજ | કચ્છ | અમદાવાદ ડેન્ટલ કોલેજ અમદાવાદ | ૨૫,૦૦૦ |
| ૧૮ | નંદાણી કિશોરકુમાર ચીમનલાલ | ગીરધરનગર શાહીબગ ઉ.મા.શાળા,અમદાવાદ | અમદાવાદ | કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રિસર્ચ,બોપલ | ૨૫,૦૦૦ |
| ૧૯ | શાહ વિમલકુમાર પ્રાણલાલ | આર.બી.આર.સી ગર્લ્સ હાઈ,અમદાવાદ | અમદાવાદ | જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ,ધારપુર,પાટણ | ૨૫,૦૦૦ |
| ૨૦ | શેખ રઝિયાબાનુ અબ્દુલ કૈયુમ | બી.આર.સી કોડીનેટર વડોદરા | વડોદરા | વિફાંગ મેડીકલ યુનિવર્સિટી વિસંગ,ચીન | ૨૫,૦૦૦ |
| ૨૧ | ગાવિત સુરેશભાઈ સોનીયાભાઈ | શ્રી છીપડી સેકન્ડરી સ્કૂલ,છીપડી | ખેડા | સરકારી મેડિકલ કોલેજ વડોદરા | ૨૫,૦૦૦ |
| ૨૨ | ત્રિવેદી શરદકુમાર અનંતરાય | સર્વોદય હાઈ.પાનસડા જી-અમરેલી | અમરેલી | જી.સી.એસ.મેડીકલ કોલેજ,અમદાવાદ | ૨૫,૦૦૦ |
| ૨૩ | પટેલ અરવિંદભાઈ ભીખાભાઈ | સી.આર.સી.જૂની સિણોવ | અરવલ્લી | ગીતાંજલી ડેન્ટલ એન્ડ રીસર્ચ,ઈન્સ્ટીટયુટ,ઉદેપુર | ૨૫,૦૦૦ |
| ૨૪ | કડેવાળ મનસુખભાી વીરજીભાઈ | મોહનદાસ ગાંધી વિદ્યાલય,રાજકોટ | રાજકોટ | યુનિવર્સિટી ઓફ ફીલીપાઈન્સ | ૨૫,૦૦૦ |
| ૨૫ | સોઢા પૃથ્વીરાજસિંહ પીરદાનસિંહ | બી.કે.વિદ્યાલય કોટડા,નખત્રાણા,કચ્છ | કચ્છ | જોનેલ્ટા ફાન્ડેશન મેડીકલ કોલેજ,ફીલીપાઈન્સ | ૨૫,૦૦૦ |
| ૨૬ | ડૉ.રતુજી ભીખાજી રાણા | શ્રી કે.જી.મહેતા હાઈસ્કૂલ,મેમદપુર | બનાસકાંઠા | અમૃતા આયુર્વેદિક મેડિકલ કોલેજ અને હો.ચિત્રદુર્ગા | ૨૫,૦૦૦ |
| ૨૭ | ખોખાણી એમ.એચ. | મોહનદાસ ગાંધી વિદ્યાલય,રાજકોટ | રાજકોટ | પંડિત દિન દયાળ ઉપાધ્યાય મેડિ.કોલેજ,રાજકોટ | ૨૫,૦૦૦ |
| | | | | | |

# વર્ષ-૨૦૧૪-૧૫ મૃત્યુ સહાય મેળવનાર શિક્ષકની યાદી

| ક્રમ | શિક્ષકનું નામ | શાળાનું નામ | જિલ્લો | અવસાન થયેલ તારીખ | સહાય રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રજાપતિ મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ | સર્વોદય વિદ્યામંદિર બાપુનગર | અમદાવાદ | ૨૯-૬-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૨ | પટેલ કમલેશભાઈ બળદેવભાઈ | શ્રી સરસ્વતી મંદિર કઠલાલ | ખેડા | ૮-૧૦-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૩ | પટેલ પ્રવિણકુમાર શામળભાઈ | શેઠ શ્રઈ.એચ.એચ.પટેલ.હાઈ. રામનગર,સાબરમતી | અમદાવાદ | ૯-૬-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૪ | કુમારી મંજુલાબેન છગનભાઈ | શ્રીમતીએમ.પી.હાયલીયા.હાઈ જુવાનપર,તા-કાલાવાડ | જામનગર | ૨૫-૮-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૫ | પટેલ સુખાભાઈ સોમાભાઈ | એચ.એચ.શેઠ.હાઈ-માલવણ-તા-કડાણાજી-મહીસાગર | મહીસાગર | ૧૧-૧-૧૫ | ૧,૦૦,૦૦૦ |
| ૬ | પટેલ લક્ષ્મણભાઈ કે. | શ્રી સરસ્વતી વિદ્યાલય આસડા,તા-ડીસા | બનાસકાંઠા | ૪-૩-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૭ | પરમાર હસમુખભાઈ ચીમનલાલ | શ્રી બી.કે.શાહ હાઈસ્કૂલ આદરિયાણા,તા-દસાડા | અમદાવાદ | ૧૧-૪-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૮ | પટેલ મુકેશકુમાર મનુભાઈ | ત્રિમૂર્તિ વિદ્યાલય મુ.પો-ધારાપુર,તા-શહેરા | પંચમહાલ | ૯-૧૨-૧૪ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | દેસાઈ ધીરૂભાઈ તેજાભાઈ | શ્રી રામ વિદ્યાલય સમોડા | પાટણ | ૨૭-૩-૧૪ | ૧,૦૦,૦૦૦ |

## શ્રધ્ધાંજલી

**સ્વ.શ્રી ગીરીશભાઈ લવજીભાઈ ચોથાણી** - શ્રી જે.વી.મોદી હાઈક્સૂકલ,સાવરકુંડલાના મદદનીશ શિક્ષકનું તા.૨૬-૬-૧૫ના રોજ વધુ વરસાદની અતિવૃષ્ટિને કારમે દુઃખદ અવસાન થયેલ છે.

**સ્વ.શ્રી જતીનભાઈ પંડયા** - એમ.પી.પટેલ હાઈસ્કૂલ,ધરથ,તા.જી-વડોદરા નું દુઃખદ અવસાન થયેલ છે.

**સ્વ.શ્રી ગોપાલભાઈ પંડયા**- આર.જી.પંડ્યા હાઈસ્કૂલ,મુ.પો.ડભોઈ,જી-વડોદરા નું દુઃખદ અવસાન થયેલ છે.

**સ્વ.શ્રી બાબુભાઈ વી.દલવાણી** - એમ.બી.પટેલ જ્ઞાનજ્યોત,ઉ.મા.શાળા,ઘાટલોડીયાનું દુઃખદ અવસાન થયેલ છે.

**સ્વ.શ્રી જતીનભાઈ પંડયા** - એમ.પી.પટેલ હાઈસ્કૂલ,ધરથ,તા.જી-વડોદરા નું દુઃખદ અવસાન થયેલ છે.

**છોટાઉદેપુર,ઉ.મા.સંઘનાં મંત્રી શ્રી રાજુભાઈ એસ.ઠક્કરના પિતાશ્રી શંકરલાલ માણેકલાલ ઠક્કરનું** દુઃખદ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત તમામ મૃતાત્માના આત્માને પ્રભુ શાંતી અર્પે તેવી પ્રભુ પાર્થના**

હાયર મેસેજ પરિવાર

# ધો - ૧૦,૧૨ અને B.Sc પછી શું ?

## બી.એન.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ

(પેરામેડીકલ વિભાગ) ● (સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ સંચાલિત)

સી.પી.પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,એન.એસ.પટેલ સર્કલ,સરદાર પટેલ ઓવરબ્રીજ,આણંદ - ૩૮૮ ૦૦૧ ફોન : ૦૨૬૯૨-૨૫૦૪૩૨

Email : bnparamedical@yahoo.com • www.bnparamedical.org.in

## "મેડીસીન અને પેરામેડિકલ ફેકલ્ટીમાં અભ્યાસ કરવાની ઉત્તમ તક"

**ધો-૧૨ સાયન્સ "A", "B" અથવા "AB" ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક**

### B.Sc. (MT) મેડીકલ ટેકનોલોજી (Approved by Medicine Faculty)

સંલગ્ન : સરદાર પટેલ યુનિર્સિટી,વલ્લભ વિદ્યાનગર

૧.B.Sc.ઈન રીનલ ડાયાલિસીસ ટેકનોલોજી
૨.B.Sc.ઈન ઈમેજીંગ ટેકનોલોજી
૩.B.Sc.ઈન ક્લીનીકલ લેબ ટેકનોલોજી
૪.B.Sc. ઈન ઓપરેશન થીયેટર એન્ડ એનેસ્થેસિયા ટેકનોલોજી

### M.Sc. (MT) મેડીકલ ટેકનોલોજી (Approved by Medicine Faculty)

સંલગ્ન : સરદાર પટેલ યુનિર્સિટી,વલ્લભ વિદ્યાનગર

M.Sc.ઈન ક્લીનીકલ લેબ ટેકનોલોજી ● M.Sc.,MT Clinical Lab Technology

લાયકાત : Microbiology,Biochemistry,Environmental,Industrial Microbiology,Life Science (10 + 2 + 3 )

### પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા કોર્ષ (૧ વર્ષ)

પોસ્ટ ગ્રેજ્યુએડ ડીપ્લોમા ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ
PG DIPLOMA IN HOSPITAL MANAGMENT
સંલગ્ન : મહાત્મા ગાંધી યુનિવર્સિટી
લાયકાત :B.A.M.S.,B.H.M.S.,B.Sc.
(Nursing,Microbiology Food & Nutrition,Bio Chemistry,Biology Bio Technology,Clinical Lab Teach,B.Pharm)

પોસ્ટ ગ્રેજ્યુએડ ડીપ્લોમા ઈન ડાયાલીસીસ મેનેજમેન્ટ
PG DIPLOMA IN DIALYSIS TECHNOLOGY
(મેડીસીન ફેકલ્ટી) (૧ વર્ષ) સંલગ્ન : સરદાર પટેલ યુનિવર્સિટી
લાયકાત :B.A.M.S.,B.H.M.S.,B.P.T.,B.Sc,Chemistry,Microbiology Bio Technology,Bio Chemistry,Nursing,Home Science,M.L.T.

### ટેકનીશીયન / પેરામેડીકલ સર્ટીફિકેટ કોર્ષ

સંલગ્ન : ભારત સેવક સમાજ પ્લાનીંગ કમીશન,ભારત સરકાર રજી.નં : BSSCC388001 AHE

| | |
|---|---|
| ● ડાયાલિસીસ ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● મેડીકલ લેબોરેટરી અને ઈ.સી.જી. ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● એક્સ-રે મેમોગ્રાફી ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● સર્ટીફાઈડ ઈન નર્સિંગ આસિસ્ટન્ટ | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● ઈમરજન્સી પેશન્ટ કેર ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● સીટી સ્કેન (CT Scan) ટેકનીશીયન | (૧ વર્ષ ) ધો. ૧૦ / ધો. ૧૨ સાયન્સ / કોમર્સ પાસ |
| ● આઈ.સી.યુ. (ICU) ટેકનીશીયન સર્ટીફિકેટ કોર્ષ | (૧ વર્ષ ) ANM / GNM |

### ટેકનીકલ જોડાણ

● ગુજરાત કીડની ફાઉન્ડેશન અમદાવાદ ● ઈનફેક્સ રેડીઓલોજીસેન્ટર,અમદાવાદ ● એપોલો હોસ્પિટલ,અમદાવાદ ● ઝાયડસ હોસ્પિટલ,આણંદ ● આણંદ ઓર્થોપેડીક હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ.● ફ્રેસેનીયસ,જર્મની ● શ્રધ્ધા હોસ્પિટલ,બોરસદ

● અત્યંત આધુનિક સાધનોથી સુસજ્જ ઈન્સ્ટીટયુટ તથા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ફેકલ્ટી ● સરકારી તથા પ્રાઈવેટ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં ટેકનીશીયન / ટેકનોલોજી તરીકેની કારકીર્દી ● હોસ્ટેલની સગવડ,કેમ્પસ રીક્રુટમેન્ટ તથા જોબ કાઉન્સીલીંગની વ્યવસ્થા

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરો : ૯૯૨૪૦ ૭૮૨૪૪, ૯૫૭૪૭ ૩૪૪૫૦
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી

Souvenir Product Ad - English Size 210mm x 297mm



## આભારપત્ર

પ્રતિ શ્રી,
પ્રમુખ શ્રી,
પંકજભાઈ પટેલ સાહેબ
ઉ.મા.શિક્ષક મહા મંડળ,અમદાવાદ

પરીક્ષક ગણ :
મ.મુ.કેન્દ્ર (૨૧)
ધોરાજી.
તા.૧૬-૪-૧૫

**માનનીય સાહેબ શ્રી,**

જયહિન્દ,જયભારત સહ જણાવવાનું કે,અમો ધોરાજી ખાતે સરકારી કન્યા વિદ્યાલય મ.મુ.કેન્દ્ર(૦૨૧)ખાતે ધો.૧૨ના વિષય : આંકડાશાસ્ત્રના મ.મુ માટે એકઠા થયેલ,અમો અહીં આવ્યા ત્યારે તા.૨૧-૩-૧૫ના દિવસે ફક્ત ૨૨ પરીક્ષકો જ હાજર થયા હતા અને કુલ ૩૦૦૦૦ ગુ.માં + ૨૭૦૦ અંગ્રેજી મા.ની ઉત્તરવહીઓનો વિશાળ ગંજ હતો તે હિસાબો ત્રણ ટીમ રોજના ૫૦૦ થી ૬૦૦ પેપર (વ્યક્તિ દીઠ ૩૦ લેખે) તપાસે તો પણ ૫૦ દિવસ ઉત્તરવહીઓ તપાસતા થાય તેમ હતું ત્યારબાદ થોડા દિવસોમાં ટીમ વધતા ૧૨ દિવસના પરીક્ષણ કાર્ય બાદ કુલ ૩૩ થી ૩૫ દિવસ કાર્યવાહી ચાલે તેમ હતું.આ પરિસ્થિતિના ઉકેલ માટે અમો એ સચીવશ્રીને ફેક્ષપત્રો દ્વારા સંપર્ક ચાલુ કર્યા.આ કાર્યવાહી દરમ્યાન મહામંડળના સક્રિય પ્રયાસો અને મદદ વગર અમારા અવાજની બુલંદી સરકારી કાર્યાલયના કાને ન જ પહોંચી હોત આપશ્રીના સંનિષ્ઠ અને સક્રિય સહકારના લીધે જ અત્રેથી ઉત્તરવહીઓ અન્ય કેન્દ્ર પર ઘસેડવામાં આવી "કળયુગે સંઘશક્તિ બળવાન" એ ઉક્તિ અત્રે સાચી પડી છે.અમો સર્વે પરીક્ષકો,મૉડરેટર્સ તથા કૉ.ઓડિનેટર સ્ટાફ મહામંડળનો તથા આપ સર્વે હોદ્દેદારો ખાસકરીને આપશ્રી,શ્રી જયંતભાઈ ગડારા તથા શ્રી મનોજભાઈ લોઢાનો વિશેષ અતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.સંઘના વિકાસ માટે શુભેચ્છાઓ સહ ફરી

આભાર **!**

**આપના વિશ્વાસુ**
**સમગ્ર પરીક્ષણ કાર્યનો સ્ટાફગણ**

---

## આભારપત્ર

પ્રતિ શ્રી,
પ્રમુખ શ્રી,
પંકજભાઈ પટેલ સાહેબ
ઉ.મા.શિક્ષક મહા મંડળ,અમદાવાદ

કલ્પના એ.દવે
"સ્નેહ સુર"
એ-૩૩,શક્તિનગર
ગાંધીનગર (કચ્છ)
તા.૧૭-૪-૧૫

**માનનીય સાહેબ શ્રી,**

જયહિન્દ,જયભારત સહ જણાવવાનું કે,મે ચાલુ વર્ષે મ.મુ.કેન્દ્ર ૦૨૧,સરકારી કન્યા વિદ્યાલય ધોરાજી ખાતે કૉ.ઓર્ડિનેટરની કામગીરી સંભાળેલ હતી.મુ.કેન્દ્ર પર વધુ પડતી ઉત્તરવહીઓના મોટા ગેજ સામે ઓછા પરીક્ષકોની હાજરીને લીધે પરીક્ષણ કાર્ય લાંબુ ચાલે તેમ હતું આ વિકટ પરિસ્થિતિ સામે ઉકેલ લાવવા માટે વિવધ તબક્કે આપશ્રી તથા સંઘ સહકારથી સુખદ અંત આવ્યોપરંતુ છેલ્લે જ્યારે ગુજ.માધ્યમની ઉત્તરવહીઓનું કાર્ય પૂર્ણ થયું ત્યારે મ.મુ.કેન્દ્ર નિયામક તરફથી મને મુક્ત ન કરવાનું ફરમાન મળ્યું.તે વખતે મારી તબીયત પણ ખરાબ હતી.સતત ત્રણ દિવસથી પ્રવાહી (ફળોના રસ તથા O.R.S.) પર હોવાથી નબળાઈ પણ હતી.આવી પરિસ્થિતિમાં પણ નિયામક મને અંગ્રેજી માધ્યમના કાર્ય માટે ફરજ પરથી મુક્ત કરવા બીલકુલ તૈયાર ન હતા.આપશ્રીના સક્રિય પ્રયાસોથી મને ગણતરીની મીનીટોમાંજ તાત્કાલીક ધોરણેગુજ.માધ્યમની કાર્યવાહી પૂર્ણ થતાંજ મુક્ત કરવા માટેના આદેશો મળી શક્યા.જે માટે હું આપશ્રીનો અંતઃકરણથી આભાર માનું છું.

**આપની વિશ્વાસુ**
**કલ્પના એ.દવે**

**શાળાનું નામ સરનામું : સ.વ.પ.ગુજરાત વિદ્યાલય**
**સેકટર-૨,ગાંધીધામ (કચ્છ)**


શ્રી જયંતભાઈ ગડારા


શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ


શ્રી મહેશકુમાર એ. પટેલ

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંવર્ગના બોર્ડસભ્ય શ્રી પ્રકાશચંદ્ર પટેલ - કારોબારી સમિતિ,શ્રી જયંત ગડારા - પરીક્ષા સમિતિ અને શ્રી મહેશભાઈ પટેલની શિક્ષણ સમિતિમાં નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવે છે.**

**પંકજભાઈ પટેલ** — **વિનોદભાઈ પટેલ**
**પ્રમુખ** — **મહામંત્રી**
**ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ**

## શિક્ષણમંત્રી સાથે થયેલી ચર્ચા

આજરોજ તા.૨૪-૭-૨૦૧૫ને શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો સાથે રાજ્ય સરકારના શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા,શ્રી નાનુભાઈ વાનાણી,શ્રીમતી વસુબેન ત્રિવેદી,શિક્ષણ કમિશનરશ્રી,સંયુક્ત નિયામકશ્રી,શિક્ષણ વિભાગના સચિવશ્રી અને અધિકારીઓ સાથેની બેઠક મળી હતી.જેમાં ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના મહામંત્રીશ્રી વિનોદભાઈ પટેલ,મહામંડળના પૂર્વ પ્રમુખ અને પૂર્વ બોર્ડ સભ્યશ્રી પીયુશભાઈ શાહ,મહામંડળના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ (દાઢી-આણંદ),મહામંડળના પ્રાદેશિક મંત્રી શ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

- ૯૮ પછી નિમાયેલ શિક્ષકો માટે રક્ષણ આપવા અંગે કોઈ નક્કર નિર્ણય લેવાયેલ નથી,પરંતુ સરકારશ્રીએ આ પ્રશ્ને વહેલી તકે ઉકેલવાની ખાતરી આપી હતી,સરકારશ્રીનો આ પ્રશ્ન બાબતનો અભિગમ ખૂબ જ હકારાત્મક છે.
- સી.સી.સી. પરીક્ષાનો પ્રશ્ન હલ થઈ ગયેલ છે.જેમાં સી.સી.સી.પરીક્ષા પાસ કરે ત્યારે નહીં પણ જ્યારે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય ત્યારે એટલે કે ૯-૨૦-૩૧ વર્ષ થાય ત્યારે તેનો અમલ કરવામાં આવશે
- વર્ગમાં વિદ્યાર્થીઓની સરાસરી સંખ્યા ઘટાડવા સરકારમાં વિચારણા ચાલી રહી છે.અને વર્ગદીઠ સરાસરી સંખ્યા ઘટાડવા અંગે સરકારશ્રી હકારાત્મક અભિગમ ધરાવે છે.
- એન્ટ્રી લેવલ પે સ્કેલના પ્રશ્નો ૧૫ દિવસમાં ઉકેલ લાવવામાં આવશે.
- સળંગ એકમ બાબતે શ્રી પીયુશભાઈ શાહે મુદ્દાસર રજૂઆત કરતા સરકારશ્રીએ એવી ખાતરી આપી હતી કે આ પ્રશ્ન અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના હોદ્દેદારો સાથેની બેઠક બાદ વિચાર વિમર્શ કર્યા બાદ જ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ સર્વે શૈક્ષણિક કર્મચારીઓના પ્રાણ પ્રશ્નો બાબતે ચિંતિત છે.અને તેઓના સંપૂર્ણ પ્રયત્નોથી આ પ્રશ્નોનો સુખદ અંત આવશે.તેવી સૌ પદાધિકારીઓએ ખાતરી આપી હતી.સર્વે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક મિત્રો ખોટી અફવાઓ અને વોટ્સએપ ઉપરના ખોટા મેસેજથી ભરમાશો નહી,સંયમ અને ધીરજથી આપણને સારું પરિણામ અવશ્ય મળશે એવી અમોને ૧૦૦% ખાતરી છે.

**પંકજભાઈ પટેલ** — **વિનોદભાઈ પટેલ**
**પ્રમુખ** — **મહામંત્રી**
**ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ**